| | |
|---|---|
| **PUBLICATION NAME :** | **Sandesh (City Life)** |
| **EDITION :** | **Ahmedabad** |
| **DATE :** | **14/05/2022** |
| **PAGE :** | **3** |

EDII દ્વારા ગ્રામીણ કલાકારોનું કૌશલ્ય વધારવા એક દિવસીય વર્કશોપ યોજાયો જેમાં ૩૮ રાજ્યના કલાકારો જોડાયા

# EDIIના હસ્તકલા સેતુ કાર્યક્રમ અંતર્ગત ૪૦,૦૦૦ કલાકારોની ડિરેક્ટરી તૈયાર કરાશે

**સિટી લાઈફ :** ઈડીઆઈઆઈએ હસ્તકલા સેતુ યોજના અંતર્ગત કલાકારો માટે એક દિવસનો કૌશલ્ય વિકાસ કાર્યક્રમનું અયોજન કરવામાં આવ્યું હતું. કલાકારોની કુશળતા વધે અને માર્કેટ સાથે સુસંગત થઈને કલાકારો કામ કરી શકે તે હેતુસર આ વર્કશોપનું આયોજન કરાયું હતું. આ વર્કશોપમાં ૮૮ ટકાથી વધારે કલાકારો વિશિષ્ટ કુશળતા હોવા છતા તેમને બજારમાં ટકી રહેવા માટે સંઘર્ષ કરવો પડી રહ્યો છે તે વાત જાણવા મળી. રિસર્ચમાં માર્કેટ સાથે ઓછું કનેક્શન અને જરૂરી માહિતીની જાણકારીથી આવુ થતું



હોવાનું જાણવા મળ્યું. આઈડીઆઈઆઈએ ગ્રામીણ કલાકારો વચ્ચે જાણકારી અને કૌશલ્યની અસમાનતા દૂર થાય તે અંગે વિસ્તૃત વાત કરી હતી. સેશનમાં ઉદ્યોગસાહસિકતા, ઓનલાઈન માર્કેટિંગ, બજારના પ્રવાહો અને અભિગમો તેમજ સરકારી યોજનાઓ પર માર્ગદર્શન આપવામાં આવ્યું. કાર્યક્રમમાં લગભગ ૪૦,૦૦૦ કલાકારોની ડિરેક્ટર તૈયાર કરવાની જાહેરાત થઈ.આ કલાકારો વિશે, તેમના ઉત્પાદનો, કુશળતા અને અન્ય વિગતો વિશે જાણકારી મેળવવાનું વન-સ્ટોપ પ્લેટફોર્મ બનશે.

## ગ્રામીણ ઉદ્યોગસાહસિકોએ ટેક્નોલોજિકલ પ્રગતિ અપનાવવી જોઈએ

ઈ-કોમર્સ અને સોશિયલ મીડિયાએ સંપૂર્ણપણે વ્યવસાયને પરિવર્ત કરવાની સાથે દુનિયાભરમાં વ્યવસાયની કામગીરી બદલાઈ ગઈ છે એટલે ગ્રામીણ ઉદ્યોગસાહસિકોને આ ટેકનોલોજીકલ પ્રગતિ અપનાવવી અને તેમની સાથે આવતી મોટી તકો ઝડપવી જરૂરી છે. વળી ગ્રામીણ કલાકારો આ પરિવર્તનો સાથે તાલ મેળવે અને પર્યાવરણને અનુકૂળ કામગીરી જાળવવા સજ્જ થાય એ જોવુ ખુબ જ મહત્ત્વપૂર્ણ છે.ઈડીઆઈઆઈએ આ માટે હસ્તકલા યોજના પ્રોજેક્ટ અંતર્ગત ઉદ્યોગસાહસિકોને વ્યવહારિક જાણકારી આપી છે. અત્યારે તેઓ ઊંચી માગ ધરાવતા ઉત્પાદનો બનાવે છે.

- ડો.સુનીલ શુક્લા, ડિરેક્ટર ઇડીઆઇઆઇ